# Gandhi-Jayanti Celebrations

# 2024-25


Managed by Arya Kanya Vidyalaya Trust

**Gurukul Mahila Arts and Commerce College**

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar,

PORBANDAR– 360579 GUJ INDIA

Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC

Phone : +91 286 2245561|+91 9374129126




## ગાંધી જયંતિ ઉજવણી: ૦૧/૧૦/૨૦૨૪
## સંચાલન: કુ. અદિતિ દવે

| ક્રમ | કાર્યક્રમની વિગત | કર્તા | મિનિટ |
|---|---|---|---|
| ૧ | પ્રાર્થના: સર્વ ધર્મ પ્રાર્થના | સર્વે | ૨ |
| ૨ | શાબ્દિક સ્વાગત | ડો. કેતકી પંડ્યા | ૫ |
| ૩ | સુતમાળાથી સ્વાગત | ડો. અનુપમ નાગર, ડો. કેતકી પંડ્યા અને ડો. શર્મિષ્ઠા પટેલ | ૨ |
| ૪ | મહા ક્વિઝ | ડો. અનુપમ નાગર | ૧૬૦ |
| ૫ | પરિણામની ઘોષણા | નિર્ણાયકો | ૫ |
| ૬ | ઈનામ વિતરણ | મહેમાનશ્રીના હસ્તે | ૧૦ |
| ૭ | પ્રાસંગિક ઉદ્બોધન | ડો. મિલન વસાવડા | ૧૫ |
| ૮ | આભાર દર્શન | કુ. પારુલ શુક્લા | ૨ |
| ૯ | રાષ્ટ્રગાન | સર્વે | ૫૫ સેકન્ડ્સ |
| ૧૦ | ગ્રુપ ફોટોગ્રાફ | સર્વે | ૩ |




























































REDMI 12 5G
01/10/2024 12:32

# ગુરૂકુળ મહિલા કોલેજમાં ગાંધી જયંતિ નિમિત્તે 'માય નેશન, માય પ્રાઈડ : ઈન્ડિયા' વિષય પર કોમ્પિટીશન યોજાઈ

## કુલ 9 ટીમોએ ભાગ લીધો : પ્રથમ ક્રમે આવનાર ટીમને રૂપિયા 5000, દ્વિતીય ક્રમે આવનાર ટીમને રૂપિયા 2500, તૃતીય ક્રમે આવનાર વિદ્યાર્થીની બહેનોને રૂપિયા 1,500નું ઇનામ







પોરબંદર(ખબર)

ભારત દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી તેમજ આર્ય સમાજના સ્થાપક એવા સ્વામી દયાનંદ સરસ્વતીજીના વિચારોને વરેલી એવી પોરબંદરની ગુરૂકુળ મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ગાંધી જયંતિ નિમિત્તે કોલેજના પ્રાચાર્યશ્રી ડૉ. અનુપમભાઈ નાગરના માર્ગદર્શન હેઠળ 'માય નેશન, માય પ્રાઈડ: ઈન્ડિયા' વિષય પર મહાક્વિઝ કોમ્પીટીશનનું આયોજન થયું. આ કાર્યક્રમ અંતર્ગત કોલેજના અંગ્રેજી, હિન્દી, ગુજરાતી ,હોમ સાયન્સ, અર્થશાસ્ત્ર, કોમર્સ-ગુજરાતી માધ્યમ, કોમર્સ-અંગ્રેજી માધ્યમ, ગુરૂકુળ મહિલા કોલેજ પોસ્ટ ગ્રેજ્યુએટ ટીમ તેમજ સરકારી આર્ટ્સ કોલેજ રાણાવાવ એમ કુલ નવ ટીમોએ ભાગ લીધેલ, જેના નામ પણ ભારતીય સંસ્કૃતિ અને પરંપરા ને આધારે રામ, કૃષ્ણ, પૃથ્વીરાજ ચૌહાણ, મહારાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંહ, મહાત્મા ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, સરદાર વલ્લભભાઈ પટેલ અને વીર સાવરકર રાખવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના ગાંધી વિચાર, પ્રચાર, પ્રસાર સમિતિના અધ્યક્ષ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ તેમજ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કેતકીબેન પંડ્યાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નાગર સાહેબે આવેલા મુખ્ય મહેમાન અને કોલેજની આઈ.ક્યુ.એ.સી. મેમ્બર શ્રી ડૉ. મિલનભાઈ વસાવડા, શ્રી સમીરભાઈ તેજુરા તેમજ ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ રાણાવાવથી પધારેલા ડૉ. નીતિનભાઈ મકવાણાનું સૂતમાળા તેમજ મોમેન્ટો થી સ્વાગત કરેલ. પછી આ મહાક્વિઝ કોમ્પિટિશનની શરૂઆત કરવામાં આવેલી, જેમાં ક્વિઝ માસ્ટર તરીકે કોલેજના પ્રાચાર્ય ડૉ. અનુપમભાઈ નાગરે પોતાની વિશિષ્ટ ભૂમિકા ભજવેલી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. કેતકીબેન પંડ્યા તેમજ ડૉ. શર્મિષ્ઠાબેન પટેલે સેવા આપેલી. આ સ્પર્ધામાં ભારતનો ગૌરવવંતો ઈતિહાસ, ભારતીય તત્વજ્ઞાન, ભારતની સંસ્કૃતિ, ગાંધીજી, રાષ્ટ્રભાવના દર્શાવતું સાહિત્ય, દેશભક્તિ ગીતો વગેરેને લગતા નવ જેટલા રાઉન્ડમાં પ્રશ્ન પૂછાયેલા. ભાગ લેનાર વિદ્યાર્થીની ટીમની સાથે સાથે ઓડિયન્સમાં રહેલી વિદ્યાર્થીનીઓને પણ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ. કોલેજની સર્વ વિદ્યાર્થીની બહેનોએ આ ક્વિઝ કોમ્પિટિશનમાં ઉત્સાહભેર અને ધગશ સાથે ભાગ લીધેલ. ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય અતિથિ ડૉ. મિલનભાઈ વસાવડાએ પોતાનું ઉદબોધન આપતા કહ્યું કે, કોલેજના આ કાર્યક્રમમાં ડૉ. નાગર સાહેબે પોતાની પ્રભાવશાળી શૈલી અને ઉત્સાહ સાથે વિવિધતાસભર પ્રશ્ન પૂછી અને વાતાવરણને ધમકતું રાખેલું, આમ ગાંધી જયંતિની ઉજવણી અર્થસભર અને અસરકારક રીતે થઈ કહેવાય. ત્યારબાદ નિર્ણાયકોએ પોતાનો નિર્ણય જાહેર કરેલ જેમાં ડૉ. કેતકીબેન પંડ્યા એ વિજેતાઓના નામ જાહેર કરેલ. જે મુજબ પ્રથમ ક્રમે ટીમ વીર સાવરકર (કોમર્સ- અંગ્રેજી માધ્યમ), દ્વિતીય ક્રમે ટીમ પૃથ્વીરાજ ચૌહાણ (અંગ્રેજી વિભાગ) તેમજ તૃતીયક્રમે ટીમ મહાત્મા ગાંધી (હોમ સાયન્સ વિભાગ) જાહેર થયેલ. તે અંતર્ગત પ્રથમ ક્રમે આવનાર ટીમને રૂપિયા 5000, દ્વિતીય ક્રમે આવનાર ટીમને રૂપિયા 2500, તૃતીય ક્રમને આવનાર વિદ્યાર્થીની બહેનોને રૂપિયા 1,500 નું ઇનામ પ્રાચાર્યશ્રી ડૉ. નાગર સાહેબ તરફથી આપવામાં આવેલ. કાર્યક્રમના અંતે ગાંધી વિચાર પ્રચાર અને પ્રસાર સમિતિના સભ્ય કુ. પારુલ શુક્લાએ સૌનું આભાર દર્શન કરેલ, કાર્યક્રમનું સમાપન શાંતિપાઠથી થયેલ. આ સાથે કોલેજના લાઈબ્રેરી વિભાગ અંતર્ગત ગાંધી સાહિત્યનું એક સુંદર પ્રદર્શન ગોઠવવામાં આવેલ જેનો લાભ મહેમાનો તેમજ સૌ વિદ્યાર્થીની બહેનોએ લાભ લીધો હતો આ સાથે આ દિવસે સ્વચ્છતા હી સેવા, સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા અંતર્ગત ગુરૂકુળ પરિસર જેવા કે ભારત મંદિર, ગાયત્રી મંદિર તેમજ ડૉ. સવિતા દીદી મ્યુઝિયમ વિસ્તારની સફાઈ એન.એસ.એસ. વોલંટીયર્સ દ્વારા હાથ ધરવામાં આવેલી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના ગાંધી વિચાર, પ્રચાર અને પ્રસાર સમિતિના અધ્યક્ષ તેમજ એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ. કેતકીબેન પંડ્યા, ડૉ. રાજેન્દ્રભાઈ ચૌધરી, એન.સી.સી. વિભાગના એ.એન.ઓ. ડૉ. શર્મિષ્ઠાબેન પટેલ, ગાંધી વિચાર, પ્રચાર અને પ્રસાર સમિતિના સભ્ય કુ. અદિતિબેન દવે, કુ. પારુલબેન શુક્લા, કુ. અમીબેન પરિયાર, શ્રી છાંયાબેન કિડીયા તેમજ પ્રતિનિધિ વિદ્યાર્થીનીઓ કુ. રાજી પરમાર, કુ. ખુશી જોશી, કુ. અદિતિ ખૂંટી, કુ. રેખા ભુતિયા, કુ. હિરાંશી તન્ના, કુ. જાનકી લોઢાર, કુ. મીના ભોગાયતા વગેરેએ જહેમત ઉઠાવેલી.

**Press Note: Maha-Quiz Competition Organized at Gurukul Women's College on the Occasion of Gandhi Jayanti**

On the occasion of Gandhi Jayanti, a Maha-Quiz Competition was organized at Gurukul Women's Arts and Commerce College in Porbandar, under the guidance of the college principal, Dr. Anupambhai Nagar, focusing on the theme "My Nation, My Pride: India." This event celebrated the ideals of Mahatma Gandhi, the Father of the Nation, and Swami Dayanand Saraswati, the founder of the Arya Samaj.

Nine teams participated in the competition, including students from the college's English, Hindi, Gujarati, Home Science, Economics, Commerce (Gujarati and English medium), as well as the Gurukul Women's College postgraduate team and the Government Arts College, Ranavav. The teams were named after significant figures in Indian culture and history, including Ram, Krishna, Prithviraj Chauhan, Maharana Pratap, Guru Gobind Singh, Mahatma Gandhi, Lal Bahadur Shastri, Sardar Vallabhbhai Patel, and Veer Savarkar.

The event began with a warm welcome by Dr. Ketakiben Pandya, Chairperson of the Gandhi Thought, Promotion, and Dissemination Committee, and Head of the English Department, as well as the NSS Program Officer. The college principal, Dr. Nagar, welcomed the chief guests, including Dr. Milanbhai Vasavada, a member of the college's IQAC, and Dr. Nitinbhai Makwana from Government Arts College, Ranavav, with a floral garland and mementos.

The quiz competition was then initiated, with Dr. Anupambhai Nagar serving as the quiz master. Judges Dr. Ketakiben Pandya and Dr. Sharmishtaben Patel evaluated the competition. The quiz comprised nine rounds of questions covering topics such as India's glorious history, Indian philosophy, culture, Gandhiji's teachings, and patriotic literature. Participants and audience members were encouraged to engage actively.

All the participants enthusiastically took part in the quiz. The chief guest, Dr. Milanbhai Vasavada, commended the event, noting how Dr. Nagar's dynamic questioning maintained an engaging atmosphere, making the celebration of Gandhi Jayanti meaningful and impactful.

The results were announced by Dr. Ketakiben Pandya. The winning teams were:

1. First Place: Team Veer Savarkar (Commerce - English Medium)

2. Second Place: Team Prithviraj Chauhan (English Department)

3. Third Place: Team Mahatma Gandhi (Home Science Department)

Prizes of ₹5000 for the first place, ₹2500 for the second, and ₹1500 for the third were awarded by Dr. Nagar. The event concluded with a vote of thanks from committee member Ku. Parul Shukla and ended with a peace prayer.

Additionally, a beautiful exhibition of Gandhian literature was organized by the college library department, which guests and students benefited from.

On this day, the NSS volunteers also conducted a cleanliness drive in the Gurukul campus, focusing on areas such as Bharat Mandir, Gayatri Mandir, and the Dr. Savita Didi Museum.

The success of this event was attributed to the efforts of Dr. Ketakiben Pandya, Dr. Rajendrabhai Chaudhary, Dr. Sharmishtaben Patel, and committee members Ku. Aditi Ben Dave, Ku. Parul Ben Shukla, Ku. Amiben Padhiyar, and student representatives Ku. Raji Parmar, Ku. Khushi Joshi, Ku. Aditi Khunti, Ku. Rekha Bhutiya, Ku. Hiranashi Tanna, Ku. Janasi Hoddar, and Ku. Shweta Bhogayta, among others.